પરિક્ષેત્ર વન અધિકારીઓના કામગીરી મુલ્યાંકન અહેવાલ (PAR) ની પ્રક્રિયા "સાથી" એપ્લીકેશન પર ઓનલાઇન કરવા બાબત.

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: ખહલ/૧૦૨૦૧૭/૮૨૩/ડ
સચિવાલય, ગાંધીનગર.
તા. 4 APR 2018

વંચાણમાં લીધા:-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૦૪/૦૩/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક: ખહલ/૧૦૨૦૧૩/ ૫૬૨૨૬૯૪/ક
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૯/૪/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: ખહલ/૧૦૨૦૧૬/૪૨૯/ક
(૩) એચ. આર. એમ. એસ. સેલ., સામાન્ય વહીવટ વિભાગનો તા. ૧૮/૦૧/૨૦૧૭ નો પત્ર ક્રમાંક: એચ.આર.એમ./૧૦૨૦૧૭/૫૮૫/એચ.આર.એમ.એસ.સેલ
(૪) વન અને પર્યાવરણ વિભાગનો તા. ૨૦/૦૪/૨૦૧૭ નો પરિપત્ર ક્રમાંક: ખહલ/૧૦૨૦૧૭/૮૨૩/ડ

યાદી:-

સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ-(૨) માં દર્શાવેલ તા.૧૯/૦૪/૨૦૧૬ ના ઠરાવથી કામગીરી મુલ્યાંકન અહેવાલની કામગીરી ફરજિયાત રીતે "સાથી" એપ્લીકેશન પર ઓનલાઇન હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવેલ હોઇ વન અને પર્યાવરણ વિભાગના સંદર્ભ-(૪) માં દર્શાવેલ તા. ૨૦/૦૪/૨૦૧૭ ના પરિપત્રથી વન ખાતાના અધિકારીઓના કામગીરી મુલ્યાંકન અહેવાલ "સાથી" એપ્લીકેશન પર ઓનલાઇન રજૂ કરવાની સૂચનાઓ આપવામાં આવેલ છે. પરિક્ષેત્ર વન અધિકારી, વર્ગ-૨ સંવર્ગના અધિકારીઓના વર્ષ ૨૦૧૬-૧૭ માટે અહેવાલ લેખનની કામગીરી પેપર આધારિત કરવામાં આવેલ હતી.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તમામ રાજ્યપત્રિત સંવર્ગોના કામગીરી મુલ્યાંકન અહેવાલ "સાથી" એપ્લીકેશન પર ઓનલાઇન રજૂ કરવાની સૂચનાઓ આપવામાં આવેલ હોઇ વન ખાતાના અન્ય રાજ્યપત્રિત સંવર્ગો ઉપરાંત વર્ષ ૨૦૧૭-૧૮ થી પરિક્ષેત્ર વન અધિકારી, વર્ગ-૨ ના કામગીરી મુલ્યાંકન અહેવાલ પણ ઓનલાઇન રજૂ કરવા આથી જણાવવામાં આવે છે. ઓનલાઇન અહેવાલ લેખન માટે વન અને પર્યાવરણ વિભાગના તા. ૨૦/૦૪/૨૦૧૭ ના પરિપત્રની અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગગુભા રાજ)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ